# ગાંધીનગર કેન્દ્રનુ ૭૯.૪૮ ટકા પરિણામ

## વિજ્ઞાન પ્રવાહમાં એ-વન ગ્રેડમાં જિલ્લાના ત્રણ વિદ્યાર્થીઓ પૈકી બે ગાંધીનગર શહેરના : ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનો ડંકો

ગાંધીનગર તા ૧૦

ગુજરાત માધ્યમિક શિક્ષણ





બોર્ડ દ્વારા આજે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૯.૪૮ ટકા પરિણામ આવ્યુ છે. જિલ્લાના ચાર કેન્દ્રો પૈકી ગાંધીનગર કેન્દ્રનુ સૌથી વધુ અને ચાંદખેડા કેન્દ્રનુ સૌથી ઓછુ ૬૭.૯૫ ટકા પરિણામ આવ્યુ છે. જયારે જિલ્લામાં માત્ર ત્રણ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે.આ પૈકી બે વિદ્યાર્થીઓ ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના છે. જિલ્લામાં માત્ર ત્રણ તેજસ્વીઓમાં સ્થાન મેળવી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના બન્ને વિદ્યાર્થીઓ શહેરનુ ગૌરવ વધાર્યુ છે. જયારે અન્ય એક વિદ્યાર્થી કલોલની એસ એસ પટેલ સાયન્સ સ્કુલનો છે. જિલ્લાનુ પરિણામ ૭૭.૮૪ ટકા આવ્યુ છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૯ ટકા ઓછુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ.શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પરિણામ અંગે બોર્ડનુ પરિણામ ૭૨.૯૯ ટકા રહયુ છે. જયારે રાજયમાં ૧૪૦ કેન્દ્રોમાંથી ૧૩૪૪૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં પૈકી ૯૮૦૬૭ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. જેમાં ગુજરાતી માધ્યમનુ પરિણામ ૭૨.૪૫ ટકા અને અંગ્રેજી માધ્યમનુ તેનાથી વધુ ૭૫.૫૮ ટકા પરિણામ આવ્યુ છે. રાજકોટ જિલ્લો પરિણામની દ્રષ્ટીએ ૮૫.૦૩ ટકા સાથે અગ્રેસર છે. જયારે એ ગૃપનુ પરિણામ ૭૭.૨૯ ટકા અને બી ગૃપનુ પરિણામ ૬૯.૭૦ ટકા આવ્યુ છે. જયારે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૪૨ છે. રાજયમાંથી ૧૮૮ દિવ્યાંગ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળ થયા છે. જયારે એ વન ગ્રેડમાં ૧૩૬ વિદ્યાર્થીઓ અને એ ટુ ગ્રેડમાં ૨૮૩૮ નો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લાનુ પરિણામ પણ ૭૭.૮૪ ટકા આવ્યુ છે. જેમાં જિલ્લામાંથી નોંધાયેલા ૫૬૮૦ વિદ્યાર્થીઓ પૈકી ૫૬૭૬ એ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે આ પૈકી માત્ર ૩ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં સ્થાન પામ્યા છે.જયારે ૧૩૫ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ મેળવ્યો છે.ગાંધીનગર કેન્દ્રના પરિણામની વાત કરીએ તો જિલ્લામાં સૌથી વધુ પરિણામ ગાંધીનગર કેન્દ્રનુ છે.આ કેન્દ્ર પરથી નોંધાયેલા ૪૦૪૧ વિદ્યાર્થીઓ પૈકી ૪૦૩૯ હાજર રહયા હતા. જયારે આ પૈકી ૮૩૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં નિષ્ફળ રહયા હતા. કેન્દ્રનુ પરિણામ ૭૯.૪૮ ટકા આવ્યુ છે. આ ઉપરાંત ચાંદખેડા કેન્દ્રમાંથી ૫૯૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૧૯૧ સફળ થયા નથી.કેન્દ્રનુ પરિણામ ૬૭.૯૫ ટકા આવ્યુ છે. કલોલ કેન્દ્રમાંથી ૭૫૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૧૭૯ નાપાસ થયા હતા.કેન્દ્રનુ પરિણામ ૭૬.૬૨ ટકા આવ્યુ હતુ. જયારે માણસા કેન્દ્રનુ પરિણામ ૭૮.૨૫ ટકા રહયુ છે. આ કેન્દ્ર પરથી ૨૮૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૬૨ને સફળતા મળી નથી. કેન્દ્રવાર પરિણામમાં ગાંધીનગર કેન્દ્રનુ સૌથી વધુ અને ચાંદખેડાનુ સૌથી ઓછુ પરિણામ આવ્યુ છે. જયારે ગાંધીનગર શહેરના બે વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના છે. જયારે અન્ય એક વિદ્યાર્થી કલોલની એસ એસ પટેલ સ્કુલ ઓફ સાયન્સનો છે.

## સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓ ગુજકેટમાં ઝળકયા

ગાંધીનગર તા ૧૦

ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર કરાયેલા માર્ચ ૨૦૧૮ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામના અંતે સરગાસણ સ્થિત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૨૧ વિદ્યાર્થીઓએ ગુજકેટમાં ૧૦૦ થી વધુ ગુણ હાંસલ કરી શાળાનુ નામ રોશન કર્યુ છે. ગુજકેટના પરિણામમાં દિપિકા પવારે સૌથી ગુણ મેળવ્યા છે. જયારે વિજ્ઞાનના વિષયમાં રવિ મકવાણાએ ગણિતમાં ૧૦૦ સાથે કુલ ૩૦૦ માંથી ૨૯૪ ગુણ પ્રાપ્ત કર્યા છે. શાળા પરિવારે તુલનાત્મક પરિણામની દ્રષ્ટીએ બોર્ડ તેમજ ગુજકેટમાં સફળ થયેલા સૌ વિદ્યાર્થીઆને અભિનંદન પાઠવ્યા છે.


## શહેરમાં કઈ શાળાનું કેટલુ પરિણામ આવ્યું

| શાળાનુ નામ | કેટલા બેઠા | પાસ | ટકા |
|---|---|---|---|
| સે-૨૧ માઉન્ટ કાર્મેલ | ૫૭ | ૫૭ | ૧૦૦ |
| આર સી પટેલ સ્કુલ | ૨૧૪ | ૧૯૮ | ૯૩.૪૫ |
| સહજાનંદ સ્કુલ ઓફ એચિવર | ૬૫૮ | ૫૯૬ | ૯૧.૦૦ |
| શેઠ સી એમ વિદ્યાલય | ૨૪૭ | ૨૨૫ | ૯૧.૦૯ |
| જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય | ૫૯ | ૫૩ | ૮૯.૮૩ |
| ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ | ૨૫૬ | ૨૨૪ | ૮૭.૫૦ |
| આર જી પટેલ કન્યા શાળા | ૧૪૬ | ૧૨૭ | ૮૬.૯૯ |
| સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય | ૧૦૧ | ૯૨ | ૯૧.૦૯ |
| એમ બી પટેલ ઈંગ્લીશ મિડીયમ | ૧૧૬ | ૯૪ | ૮૧.૦૩ |

## સ્વામિનારાયણ ગુરુકુલનો વિદ્યાર્થી ગુજકેટમાં પ્રથમ ક્રમે

ગાંધીનગર તા ૧૦

વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ પરિણામ જાહેર થયાના અંતે નગરની



સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના વિદ્યાર્થીએ ગુજકેટમાં સમગ્ર રાજયમાં પ્રથમ નંબર મેળવ્યો છે. શાળાના વિદ્યાર્થી હિરેન કિરણભાઈ ચૌધરીએ ગુજકેટની પરીક્ષામાં ૧૨૦ માં થી ૧૧૮.૭૫ ગુણ મેળવી ગાંધીનગરમાં પણ પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. હિરેને રસાયણવિજ્ઞાનમાં ૪૦, ગણિતમાં ૪૦ અને ભૌતિક વિજ્ઞાનમાં ૩૮.૭૫ ગુણ મેળવ્યા છે. જયારે ગણિતમાં પણ ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે.

## જિલ્લામાં પ્રથમ ક્રમે આવનાર ધ્રુવને કોમ્પ્યુટર એન્જિનિયરીંગમાં અભ્યાસ કરવો છે

### ઇન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનો વિદ્યાર્થી ધ્રુવ શાળાના શિક્ષકોની મહેનતને પરિણામનો શ્રેય આપે છે

ગાંધીનગર તા ૧૦

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર થયેલા વિજ્ઞાન પ્રવાહના પરિણામના અંતે ગાંધીનગર જિલ્લામાંથી માત્ર ૩ જ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જયારે શહેરમાંથી માત્ર બે વિદ્યાર્થીઓનો જ સમાવેશ થયો છે. આ બન્ને વિદ્યાર્થીઓ નગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના છે. જિલ્લામાં થીમાં પ્રથમ સ્થાન મેળવનાર ધ્રુવ અમિતભાઈ પરમારે ૫૦૦ માં થી ૪૫૮ ગુણ મેળવ્યા છે. ધ્રુવે અંગ્રેજીમાં ૮૫, ગણિતમાં ૯૦, કેમેસ્ટ્રીમાં ૯૩, ભૌતિકવિજ્ઞાનમાં ૯૩ અને કોમ્પ્યુટરમાં ૯૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. ધ્રુવના પિતા અમિતભાઈ જીઈબીમાં એન્જિનિયર છે. જયારે માતા બબીતાબેન હાઉસ વાઈફ છે. ધાર્યુ પરિણામ મેળવનાર ધ્રુવને આગળ આઈ આઈ ટી માં અભ્યાસ કરવો છે. કોમ્પ્યુટર એન્જિયરીંગ કરવુ છે. ધ્રુવ જે ઈ ઈ માં પણ તેજસ્વી પુરવાર થયો છે. શાળાની દત્તક યોજનાના ભાગરૂપે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના ટ્રસ્ટી પ્રદિપ ગગલાણીના પ્રયાસને બિરદાવતા શાળાના ગણિત શિક્ષક સેજલબેન પટેલને પણ ધ્રુવ તેના તેજસ્વી પરિણામનો શ્રેય આપે છે. અભ્યાસ સિવાય તેને નોવેલ વાંચનનો પણ શોખ છે. ધ્રુવે શાળા અને પરિવારના માર્ગદર્શન અને પ્રોત્સાહનના લીધે જિલ્લામાં અવલ્લનંબર હાંસલ કર્યો છે.

## ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના યશને આઈઆઈએમમાં અભ્યાસ કરવો છે

### માતાની જેમ એન્જિનિયર બનવુ છે : પરિણામનો શ્રેય માતા તેમજ શાળાના શિક્ષકોને આપે છે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થી યશ પરેશભાઈ શાહે પણ જિલ્લામાં ત્રણ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવી શાળાનુ ગૌરવ વધાર્યુ છે. નાનપણથી માતાની જેમ એન્જિનિયર બનવાની ખેવના ધરાવતા યશને આગળ કોમ્પ્યુટર સાયન્સમાં અભ્યાસ કરવો છે. યશના પિતા પરેશભાઈ માણસામાં કાપડનો ધંધો કરે છે. પરિણામથી ખુશ યશની માતા ફાલ્ગુનીબેને પણ એન્જિયરીંગનો અભ્યાસ કર્યો છે. યશે આગળ કેટની પરીક્ષા આપી આઈ આઈ એમમાં અભ્યાસ કરવો છે. ક્રિકેટનો શોખ ધરાવતા યશના મતે શાળાના રીવીઝન વર્ક અને શિક્ષકોની મહેનત પણ સારા પરિણામ માટે જવાબદાર છે. યશના માતાએ નોકરી મુકીને પણ તેના અભ્યાસ માટે પુરતી દરકાર લીધી હોવાની પણ તેને ખુશી છે. શહેરમાં વિજ્ઞાન પ્રવાહના પરિણામના અંતે શાળા સંકુલમાં વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. જો કે વિદ્યાર્થીઓની અપેક્ષા મુજબ જિલ્લામાંથી એ વન ગ્રેડમાં માત્ર ત્રણ જ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હોવાથી ધાર્યા કરતા ઓછુ પરિણામ મળ્યુ હોવાની નારાજગી પણ જોવા મળી હતી. જયારે સમગ્ર શહેરમાંથી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ શાળા તેમજ નગરનુ ગૌરવ વધાર્યુ છે.

## સોલાર લાઈટની બેટરીની તસ્કરીનો વધતો ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં હવે તસ્કરોએ સોલાર લાઈટની બેટરીની તસ્કરી કરી અને તંત્રને અંદાજે રૂ. ૧ કરોડથી વધુનો ઝટકો આપ્યો છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં સોલાર લાઈટના થાંભલામાં મુકવામાં આવતી બેટરી જેની એકની કિંમત ૬૫૦૦ રૂ. જેટલી છે. શહેરમાં ઉભી કરાયેલ સ્ટ્રીટલાઈટોના થાંભલામાંથી ૨૧૦૦ જેટલી બેટરી અત્યાર સુધીમાં ચોરાઈ જવા પામી છે.

આમ નગરમાં રૂ. ૧ કરોડથી પણ વધુ મત્તાની પ્રોપર્ટીને નુકશાન થયુ છે. તંત્ર દ્વારા આ બાબતને પણ ગંભીરતાથી લેવામાં આવેલ છે અને આ મુદ્દે આગામી એક બે દિવસમાં પોલીસ પાસે અહેવાલ મંગાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. સોશ્યલ મીડિયામાં તો ગાંધીનગર શહેરમાં સોલાર લાઈટની બેટરીને લઈ વાતો પણ વાઈરલ થઈ છે જે ઉલ્લેખનીય છે.

## સોમવાર સુધીમાં જળસંચય અભિયાનના તમામ કામો શરૂ કરવા કડક તાકીદ

### દહેગામમાં ધીમી કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરી તેમજ પાણીનો વેડફાટ અટકે તે માટે પગલાં લેવા પણ સૂચવ્યુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય યોજનામાં બાકી રહેતા કામો સોમવાર સુધીમાં શરૂ થઈ જાય તે જોવા માટે આજે જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમારે કડક તાકીદ કરી હતી એટલુ જ નહિ પરંતુ દહેગામ તાલુકામાં આ યોજના અંતર્ગત ચાલી રહેલી ધીમી કામગીરીને લઈ નારાજગી પણ વ્યક્ત કરી હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે મોડી સાંજ સુધી પ્રભારી સચિવે જિલ્લામાં ચાલી રહેલી જળસંચય યોજનાની કામગીરીની સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં દહેગામ તાલુકામાં ચાલતી ધીમી કામગીરીને લઈ પ્રભારી સચિવે નારાજગી વ્યક્ત કરી હતી. જો કે તંત્રના અધિકારીઓએ સ્પષ્ટતા કરતાં જણાવ્યુ હતુ કે કેટલાક ગામોમાં તળાવોમાંથી હાર્ડરોક નીકળી રહ્યા છે. અને તેને કારણે નવા કામો શરૂ કરવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. અહિ તળાવો ઊંડા છે પરંતુ વધુ ઊંડા કરવામાં આવી મુશ્કેલી પડી રહી છે.

આ બેઠકમાં પ્રભારી સચિવે જિલ્લામાં ચાલી રહેલી કામગીરી સંતોષકારક હોવાનો મત રજુ કર્યો હતો પરંતુ બધા જ કામો જે હજુ સુધી શરૂ નથી થઈ શકયા તે સહિતના મોડામાં મોડા સોમવાર સુધીમાં ચાલુ થઈ જાય તે જોવા આગ્રહ કર્યો હતો.

આ અભિયાન ૩૧મે સુધી જ ચાલવાનુ છે ત્યારે તંત્રને કામોમાં ગતિ લાવવા પણ તેમણે સૂચવ્યુ હતુ. તેમણે મહાનગરપાલિકાને આ અભિયાનમાં ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં લોજીસ્ટીક સપોર્ટ કરવાનો પણ આગ્રહ કર્યો હતો.

જિલ્લામાં જળસંચય અભિયાનની સાથે સાથે ચાલી રહેલી જળબચત અંગેના જનજાગૃતિ અભિયાનને પણ બિરદાવ્યુ હતુ. જિલ્લામાં જળસંચય અભિયાનની સાથે સાથે પાણીનો વેડફાટ અટકે અને લોકો પોતે જાગૃત બને તે દિશામાં અભિયાન સઘન બને તે જોવા આગ્રહ કર્યો હતો.

આજની બેઠકમાં જિલ્લા કલેક્ટર લાંગા, જિલ્લા વિકાસ અધિકારી તેમજ અભિયાનના નોડલ ઓફિસરો અને મહેસુલી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મનપા ત્રણ ગામોમાં તળાવ ઊંડા કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત ત્રણ ગામોમાં તળાવ ઊંડા કરવાની કામગીરીમાં જોતરાશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્ય સચિવશ્રીએ પણ ગઈકાલે મનપાને આ કામગીરીમાં જોડાવા અને શહેરમાં ચાલતા કામોને લઈ પૃચ્છા કરી હતી.

આજે પ્રભારી સચિવશ્રીએ પણ ગાંધીનગર શહેરની નજીક આવેલા ગ્રામ્ય વિસ્તારમાં લોજીસ્ટીક સપોર્ટ કરી કામગીરીમાં ગતિ આવે તે માટે કરેલી વાત પછી લેકાવાડા સહિત ત્રણ ગામોમાં કામગીરી કરવાનો મનપાએ નિર્ણય લીધો છે.

મનપા ગાંધીનગર શહેરની કામગીરી ઉપરાંત આસપાસના ૩ જેટલા ગામોમાં તળાવ ઊંડા કરવાની કામગીરીમાં સોમવારથી જોતરાશે.

## ગાંધીનગરમાં અગનવર્ષા : પારો ૪૩ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના આકાશમાંથી ગુરૂવારે જાણે રીતસર અગનગોળા વરસ્યા હતા. એક જ દિવસમાં મહત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલુ વધીને ૪૩ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. મજૂરી કરીને ગુજરાન ચલાવનારાઓની હાલત સૌથી વધુ કફોડી બની હતી.




ઉત્તરભારતમાં આવેલા આંધી તોફાનની અસર હેઠળ છેલ્લા ચાર-પાંચ દિવસથી ગરમીમાં રાહત રહી હતી. પરંતુ તેની અસર ઓસરતા જ ગરમીએ તેનુ અસલ સ્વરૂપ પકડ્યુ હતુ. આજે વહેલી સવારથી જ સૂર્યનારાયણ આકરા બન્યા હતા. સવારે ૧૦ વાગે તો ઘરની બહાર ન નીકળી શકાય તેવો આકરો તડકો પડવો શરૂ થયો હતો. ગરમીના રૌદ્રરૂપના કારણે

### એક જ દિવસમાં પારો ત્રણ ડિગ્રી ઉંચકાયો : મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાતા કાળઝાળ ગરમીનો અનુભવ : લુ લાગવાના બનાવો વધ્યા

વસાહતીઓએ આખો દિવસ ઘરમાંથી બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. શાકમાર્કેટ, શોપીંગ સેન્ટર અને અન્ય બજારો ગ્રાહકોની અવરજવર વિના સૂના બન્યા હતા. સરકારી કર્મચારીઓ પણ કૂલર-એસીની આસપાસ ગોઠવાઈ ગયા હતા અને બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. બપોરે ૧૨ વાગ્યાથી તો લૂ ફુંકાવવાની શરૂઆત થતાં ઘરના બારી બારણા ખુલ્લા રાખી શકાય તેવી સ્થિતિ જ રહી ન હતી. ઝુંપડા બાંધીને રહેતા અને મજૂરી કામ કરતા શ્રમિકોની હાલત સૌથી વધુ કફોડી બની હતી. પશુ-પંખીઓ પણ ગરમીથી હેરાન પરેશાન થઈ ગયા હતા અને છાંયડો-પાણી હોય તેવા સ્થળની આસપાસ ગોઠવાઈ ગયા હતા. ઠંડા પીણાં, આઈસક્રીમ, લસ્સી-છાશ વગેરેના વેચાણમાં એકાએક ઉછાળો આવ્યો હતો. ઘણા વાહનચાલકોએ શેરડીનો રસ પી ગરમીથી રાહત મેળવવાના પ્રયત્નો કર્યા હતા.

ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી નોંધાયુ હતુ. ત્યારબાદ આજે તેમાં ત્રણ ડિગ્રીનો ઉછાળો આવતા તાપમાન ૪૩ ડિગ્રીની નજીક પહોંચી ગયુ હતુ. જ્યારે લઘુત્તમ ૨૫ ડિગ્રી હતુ તે વધીને ૨૭.૫ ડિ.સે. સુધી પહોંચી જતા વસાહતીઓએ કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો. હજુ આગામી દિવસોમાં ગરમીનું મોજુ યથાવત રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.


**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી મંગળભાઈ ઈશ્વરદાસ પટેલનું દુઃખદ અવસાન તા. ૧૦-૦૫-૨૦૧૮ને ગુરૂવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૧-૦૫-૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઝુલેલાલ મંદિર, સેક્ટર નં.૩૦, ગાંધીનગર

સંદિપભાઈ મંગળભાઈ પટેલ — પ્રભુદાસ ઈશ્વરદાસ પટેલ
જયેશભાઈ મંગળભાઈ પટેલ — નારાયણભાઈ ઈશ્વરદાસ પટેલ
મહેન્દ્રભાઈ ઈશ્વરદાસ પટેલ — જયંતિભાઈ ઈશ્વરદાસ પટેલ
તથા સમસ્ત પરિવાર



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com